ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગાંધીનગરના
મહેકમની જગ્યાઓ તા:૨૮/૦૨/૨૦૨૫ સુધી ચાલુ
રાખવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: SJED/IWDMS1.0/e-file/17/2022/0051/A Section
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૧/૦૧/૨૦૨૪

વંચાણે લીધા:

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૨૪/૦૪/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૩૨૦૧૮/૧૦૩૩૮૨/અ
(૨) ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગાંધીનગરનો તા:૨૧/૧૧/૨૦૨૩નો પત્રક્રમાંક: ગુગો/મકમ/૧૬૫૪૮/૨૦૨૩

**આમુખ:**

વંચાણે લીધા ક્રમાંક (૧)ના ઠરાવથી ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગાંધીનગરના હંગામી મહેકમની ૮ (આઠ) અને આઉટસોર્સની ૮ (આઠ) એમ નીચે મુજબની કુલ ૧૬ જગ્યાઓને તા.૨૯/૦૨/૨૦૨૪ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ છે.વંચાણે લીધા ક્રમાંક (૨)ના પત્રથી ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગાંધીનગરના હંગામી મહેકમની ૮ (આઠ) તથા આઉટસોર્સની ૮ (આઠ) એમ કુલ ૧૬ જગ્યાઓને તા:૨૮/૦૨/૨૦૨૫ સુધી ચાલુ રાખવા નિગમે દરખાસ્ત કરેલ હતી, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગાંધીનગરના હંગામી મહેકમની ૮ (આઠ) અને આઉટસોર્સની ૮ (આઠ) એમ નીચે મુજબની કુલ ૧૬ જગ્યાઓને,આ ઠરાવમાં દર્શાવ્યા મુજબની શરતોને આધીન તા:૨૮/૦૨/૨૦૨૫ સુધી ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

**હંગામી જગ્યાઓ:**

| **ક્રમ** | **જગ્યાનું નામ** | **જગ્યાની સંખ્યા** |
|---|---|---|
| ૧ | મેનેજીંગ ડીરેક્ટર (વર્ગ-૧) | ૧ |
| ૨ | હિસાબી અધિકારી (વર્ગ-૨) | ૧ |
| ૩ | સમાજ કલ્યાણ અધિકારી(વર્ગ-૨) | ૧ |
| ૪ | કચેરી અધીક્ષક (વર્ગ-૩) | ૧ |
| ૫ | જુનિયર ક્લાર્ક (વર્ગ-૩) | ૨ |
| ૬ | પટાવાળા (વર્ગ-૪) | ૨ |
| | **કુલ** | **૮ (આઠ)** |

**આઉટ સોર્સની જગ્યાઓ:**

| **ક્રમ** | **જગ્યાનું નામ** | **જગ્યાની સંખ્યા** |
|---|---|---|
| ૧ | લોન વસૂલાત મદદનીશ | ૧ |
| ૨ | પ્રોજેક્ટ કન્સલટન્ટ | ૧ |
| ૩ | ડેટા એન્ટ્રી ઓપરેટર | ૪ |
| ૪ | ડ્રાઈવર | ૧ |
| ૫ | પટાવાળા | ૧ |
| | **કુલ** | **૮ (આઠ)** |

**શરતોઃ-**

(૧) આ જગ્યાઓ અંગેનું ખર્ચ વર્ષ ૨૦૨૪-૨૫માં આ હેતુ માટે વખતો વખત છૂટી થનાર ગ્રાન્ટમાંથી મેળવવાનું રહેશે તેમજ નિયત થયેલ સદરે ઉધારવાનું રહેશે.

(૨) આ જગ્યાઓ જે હેતુ માટે ઊભી કરેલ છે તે હેતુ માટે જ ચાલુ રાખવાની રહેશે.

(૩) ખાલી જગ્યા અંગે નાણા વિભાગની વખતો વખતની સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૪) હંગામી જગ્યાઓ પૈકીની પટાવાળાની ૨ (બે) જગ્યાઓ નિયમિત નિમણૂકથી ભરાયેલ હોય તે સંજોગોમાં નિવૃત્તિ, રાજીનામું વગેરે કારણોસર ખાલી પડે તે દિવસથી રદ કરવાની તથા તે સેવાઓ સામાન્ય વહીવટ વિભાગની સૂચનાઓ મુજબ આઉટસોર્સથી લેવાની રહેશે.

(૫) આઉટસોર્સથી જગ્યાઓ ભરવાના ધોરણો અનુસાર સેવાઓ લેવાની રહેશે તેમજ આ બાબતે સરકારશ્રીની આઉટસોર્સ અંગેની વખતોવખતની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

(૬)આ જગ્યાઓની સેવાઓ લંબાવવાની જરૂર જણાય તો નાણા વિભાગની મંજૂરી મેળવવાની રહેશે. આ માટે જગ્યાઓની મુદ્દત પુરી થવાના ચાર માસ પહેલા જરૂરી સાધનિક કાગળો સાથે જગ્યાઓ ચાલુ રાખવાની દરખાસ્ત કરવાની રહેશે.

(૭)આ ઉપરાંત નિગમે સદર બાબતે સરકારશ્રીની અન્ય લાગુ પડતી તમામ સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૩૧/૧૨/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે ,

eSign
Signed by: HARIT RAJENDRA DOSHI
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 11-Jan-2024 (11:20 AM)

હરિત આર. દોશી

સેક્શન અધિકારી

સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ)સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર(ગુજરાત ગોપાલક વિકાસ નિગમ મારફત)
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવાની વિનંતી સહ...
- શાખા સિલેક્ટ ફાઇલ.
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ.